સરકારી હોમ ફોર ગર્લ્સ/બોયઝના ૧૧ માસના કરાર આધારિત જગ્યાઓની મુદ્દત વધારી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2022/0188/CHH
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગના તા.૦૯/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮૬૬૫૦૫૪/છ

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના તા.૦૯/૦૨/૨૦૨૨ પત્ર ક્રમાંક:મકમ/સ.ચિ.હો/૧૧ માસ કરાર/જગ્યા મુદત વધારો/૨૦૨૨/૧૦૮૮

(૩)નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના તા.૦૬/૧૦/૨૦૨૨ ના પત્ર ક્રમાંક: સસુખા/આઉટસોર્સ/મુદતવધારો/૨૦૨૨/૭૩૭૦.

**આમુખ:**

નિયામક, સમાજ સુરક્ષાની કચેરી સંચાલિત સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ, મહેસાણા, દેવભૂમિદ્વારકા અને ગીર સોમનાથ તેમજ સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, અરવલ્લી અને મહિસાગર મળી કુલ-૫ બાળગૃહ શરૂ કરવા માટે બાળ ગૃહદીઠ કુલ-૧૦ જગ્યાઓ એમ કુલ-૫૦ જગ્યાઓ પૈકી ૧૧ માસના માટે કરારથી માસિક ફિક્સ પગારના ધોરણે ઉભુ કરવાની વહીવટી મંજુરી વંચાણે લીધેલા ક્રમાંક (૧)ના વિભાગના તા.૦૯/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮૬૬૫૦૫૪/છ થી આપવામાં આવેલ હતી.

આ અંગે નિયામકશ્રી સમાજ સુરક્ષાના વંચાણે લીધા ક્રમાંક (૨) થી સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ, મહેસાણા, દેવભૂમિદ્વારકા અને ગીર સોમનાથ તેમજ સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, અરવલ્લી અને મહિસાગર મળી કુલ-૫ બાળ ગૃહના બાળ ગૃહદીઠ કુલ-૧૦ જગ્યાઓની કુલ-૫૦ જગ્યાઓ પૈકી ૧૧ માસના કરારના ધોરણે ભરાયેલ કુલ-૩૦ જગ્યાઓ તેમજ આઉટસોર્સથી ભરાયેલ કુલ-૧૦ જગ્યાઓ અને પાર્ટ ટાઈમ ધોરણે ભરાયેલ ૦૧ જગ્યા મળીને કુલ-૪૧ જગ્યાઓની સેવાઓ ૧૧ માસના કરાર આધારિત/આઉટસોર્સ/ પાર્ટ ટાઈમ ભર્યા તારીખથી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ, મહેસાણા, દેવભૂમિદ્વારકા અને ગીર સોમનાથ તેમજ સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, અરવલ્લી અને મહિસાગર મળી કુલ-૫ બાળ ગૃહના બાળ ગૃહદીઠ કુલ-૧૦ જગ્યાઓની કુલ-૫૦ જગ્યાઓ પૈકી ૧૧ માસના કરારના ધોરણે ભરાયેલ કુલ-૩૦ જગ્યાઓ તેમજ આઉટસોર્સથી ભરાયેલ કુલ-૧૦ જગ્યાઓ અને પાર્ટ ટાઈમ ધોરણે ભરાયેલ ૦૧ જગ્યા મળીને કુલ-૪૧ જગ્યાઓની સેવાઓ ૧૧ માસના કરાર આધારિત/ પાર્ટ ટાઈમની સેવાઓ પશ્ચાતવર્તી અસરથી ભરાયા તારીખથી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની બાબતને આથી મંજૂરી આપવામાં આવે છે.

ઉપરાંત વંચાણે લીધાં ક્રમાંક (૧) હેઠળની અન્ય તમામ શરતો યથાવત્ રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Jan-2024 (01:02 PM)

**(દ્રષ્ટિ શાહ)**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા- બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)